| | | |
|---|---|---|
| આંક | : | |
| દાખલ તારીખ | : | ૧૫/૪/૨૦૨૩ |
| રજી. લીધા તારીખ | : | ૧૫/૪/૨૦૨૩ |
| નિકાલ તારીખ | : | ૧૫/૪/૨૦૨૩ |
| સમય | : | વર્ષ ૦ — માસ ૦ — દિવસ ૧ |

**નામદાર શ્રી ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલતમાં, ભુજ (કચ્છ).**

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

**ફોજ.પરચુરણ અરજી નં.૧૦૯/૨૦૨૩**

મનહરસિંહ ઉર્ફે રાજદીપસિંહ બળવંતસિંહ જાડેજા,
હાલે રહે. કયુ–૨/૧૦૩, લીગ–૧, ગુજ.હાઉસીંગ બોર્ડ,
કૈલાસનગર, ભુજ
મુળ રહે. માય, તા.ભચાઉ–કચ્છ ...અરજદાર

**વિરૂધ્ધ**

શ્રી સરકાર,
મારફતે એ.પી.પી.શ્રી,
ભુજ–કચ્છ. ...સામાવાળા

બાબત : ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૪૩૭ પ્રમાણે રેગ્યુલર જામીન પર મુકત કરવાની અરજી.

---

| | | |
|---|---|---|
| અરજદાર/આરોપી તરફે | :– | વિધ્વાન વકીલ શ્રી બી.ડી.દરજી |
| સામાવાળા તરફે | :– | વિધ્વાન ઈન્ચાર્જ એ.પી.પી.શ્રી |

---

**–: હુકમ :–**

૧) હાલની અરજી ક્રી.પ્રો.કોડની કલમ ૪૩૭ હેઠળ ભુજ સીટી એ ડીવીઝન પો.સ્ટે.પાર્ટ એ ગુના રજી.નં. ૩૧૩/૨૩, ઈ.પી.કો.કલમ ૩૭૯ વાળા ગુના કામે અરજદાર / આરોપી મનહરસિંહ ઉર્ફે રાજદીપસિંહ બળવંતસિંહ જાડેજાને જામીન પર મુકત કરવા કરવામાં આવેલ છે.

૨) ફરીયાદપક્ષે વિ.ઈન્ચાર્જ એ.પી.પી.શ્રી નો શેરો વંચાણે લીધો તથા આરોપી તરફે તેમના વિધ્વાન વકીલશ્રી ની દલીલો સાંભળી.

૩) સદર કામે આરોપી તરફે તેમના વિધ્વાન વકીલશ્રીએ તેમની જામીન અરજીની વિગતો મુજબ દલીલ કરેલ છે અને વિશેષમાં રજુઆત કરેલ છે કે, પોલિસે તેમને ખોટી રીતે ગુના કામે સંડોવી દીધેલ છે, સદર ગુનાની ટ્રાયલ ચલાવવાની સતા અત્રેની અદાલતને છે. આરોપી તા.૨૪/૩/૨૦૨૩ થી જયુડીશીયલ કસ્ટડીમાં છે. આરોપી પર તેના પરીવારની જવાબદારી છે. નામદાર અદાલત આરોપીને જે શરતો ઉપર જામીન મુકત કરવાનું ફરમાવશે, તે તમામ શરતોનું પાલન કરવાની ખાત્રી આપે છે, જેથી હાલની અરજી મંજુર કરી, આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલી છે.

૩) સદર કામે વિ. એપીપીશ્રીએ જામીન અરજી સામે વાંધો ઉઠાવી, ફરીયાદ જોતાં પ્રથમ દર્શનીય ગુનામનો આરોપ હોઈ, સમાજમાં આવા ગુનાનું પ્રમાણ વધુ હોઈ, સમાજના હીતને ધ્યાને લઈ અરજી નામંજુર કરવા વિનંતી કરેલી છે.

૪) સદર કામે કેસની હકીકતને ધ્યાને લેવામાં આવે તો આક્ષેપીત ગુનાની ટ્રાયલ ચલાવવાની સતા આ અદાલત ને છે તેમજ ત્રણ વર્ષ સુધીની સજાને પાત્ર ગુનો છે. ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૩૭ ના પ્રબંધો ધ્યાને લેતાં, જામીન અરજી પર નિર્ણય કરતી વખતે અદાલતે નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા જામીન અંગે પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતોની સાથે આરોપી હાલના ગુનાની સજાકીય જોગવાઈ જોતાં આરોપી સામે આક્ષેપિત ગુનાની ગંભીરતા, મહતમ સજાની જોગવાઈ, આરોપીની ટ્રાયલ દરમ્યાન હાજર રહેવાની શકયતા, આરોપીની ગુનામાં ભુમિકા, તેમની સામેનો પ્રથમ દર્શનીય કેસ વિગેરે પરિબળો ધ્યાને લઈ, ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૩૭ અન્વયે મળેલ સતાનો વિવેકબુધ્ધિ પુર્વક ઉપયોગ કરી આરોપીને જામીન ઉપર મુકત કરવો કે નહી તે નકકી કરવાનું હોય છે અને આ અદાલતની વિવેકાધિન સતા દરેક કેસની હકીકતો અને સંજોગો ઉપર આધાર રાખે છે. આરોપી ટ્રાયલ દરમીયાન હાજર રહેશે તેવી ખાત્રી આપે છે ત્યારે માત્ર આરોપીની જામીન અરજી રદ ફરમાવી તેઓને સમગ્ર ટ્રાયલ દરમ્યાન જયુ. કસ્ટડીમાં રાખવાનું ન્યાયોચીત જણાતું નથી. તેથી આરોપી સામેના આક્ષેપીત ગુનાની ગંભીરતા તથા કેસની હકીકતો અને સંજોગો ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવાનું ન્યાયોચીત માનું છું.

**-:: હુકમ ::-**

(૧) ભુજ સીટી એ ડીવીઝન પો.સ્ટે.પાર્ટ એ ગુના રજી.નં. ૩૧૩/૨૩, ઈ.પી.કો.કલમ ૩૭૯ વાળા ગુના કામે અરજદાર / આરોપી મનહરસિંહ ઉર્ફે રાજદીપસિંહ બળવંતસિંહ જાડેજા નાઓએ કરેલ જામીન અરજી આથી મંજુર કરવામાં આવે છે અને એવો હુકમ કરવામાં આવે છે કે, આરોપીએ આ અદાલત સમક્ષ રૂા.૫,૦૦૦/- ના સધ્ધર જામીન રજુ કર્યેથી તથા જાત મુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :-**

૧). આરોપીએ ફરીયાદ પક્ષના સાહેદોને લોભ, લાલચ, ધાક ધમકી આપવા નહી, પુરાવા સાથે ચેડાં કરવા નહીં, ફરીયાદ પક્ષના કેસને નુકશાન થાય તેવુ કોઈ કરવું, કરાવવું નહીં કે પુરાવાનો નાશ, નુકશાન થાય તેવું કૃત્ય કરવું નહીં.

૨) આરોપીએ અદાલત સમક્ષ ટ્રાયલ દરમ્યાન નિયમિતપણે નામ.અદાલત સમક્ષ હાજર રહેવું.

૩) આરોપીએ તેમના તથા જામીનદારના મોબાઈલ નંબર, હાલનું તેમજ કાયમી રહેઠાણનું સરનામું અદાલતમાં પુરશીશથી જાહેર કરવું અને તે અંગેના આધારભુત લેખિત પુરાવા રજુ કરવા.

ઉપરોકત શરતનો ભંગ થયેથી જામીન મુકત નો હાલનો આદેશ આપો આપ રદ થવાને પાત્ર ઠરશે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવીને જાહેર કર્યો.

તા.૧૫/૪/૨૦૨૩.
સ્થળ : ભુજ-કચ્છ.

(પી. સી. સોની)
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ભુજ-કચ્છ.
જી.જે.૦૦૮૪૮